સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

ન્યાય, ચૂકાદા અને સુરક્ષા - પેલાં છે!
પક્ષો, નેતા, તંત્ર ભ્રષ્ટાચારમાં ખૂપેલાં છે!
કંપેલા છે લોકો ભય-ધાકે, કાર્યકરોથી -
ગુંડાઓ - પોલીસ - સરકાર સૌ સંપેલાં છે...

હાઈકુ

સમગ્ર તંત્ર
ચૂંથે લોકશાહીને -
ગીધડાં બની...

બધી સંસ્થાના
સ્વાતંત્ર્ય ને લે ભીંસે -
આ અજગર!!

ચિંતન

એકમેવ સદ્દનેકકારણં કારણાન્તરનિરાસકારણમ્ ।
કાર્યકારણવિલક્ષણં સ્વયં બ્રહ્મ 'તત્ત્વમસિ' ભાયાત્મનિ ॥

ઉપરોક્ત શ્લોક બ્રહ્મસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

જે સ્વયં એક હોવા છતાં અનેકનું કારણ છે અને જે બીજાં કારણોના નિષેધનું કારણ છે, એમ તું તારામાં ભાવના કર.

આપણે 'પરમાત્મા'ના અંશ છીએ ઈશ્વરે આપણને ચોક્કસ હેતુ-કાર્ય માટે તેના વતી એ 'કામ' ફરજ બજાવવા માટે મોકલ્યા છે તેથી એ ધ્યેય-હેતુ વિચારી બીજી મોહ-માયામાં લિંપાયા વિના ઈશ્વરને પૂછી એને પૂર્ણ કરવામાં જ પ્રવૃત્ત જ રહેવું જોઈએ. પ્રાર્થના દ્વારા ઈશ્વરને વિનંતી કરો મારી પાસે જે કંઈ કામ કરાવવાનું હોય તે જ જલ્દી કરાવી લે - હું તારો અંશ છું તેથી હું પરમહંસ છું પાપ કર્મોથી દૂર રાખ.

સુવિચાર

- યે ગલત હૈ કે વફાદાર નહીં હૈ હમ, સચ તો યે હૈ કે અદાકાર નહીં હમ - **ઈકબાલ પટેલ**
- હંમેશા યાદ રાખજો, આપ આપના પ્રોબ્લેમથી અનેક ગણા મોટા છો - **સંજય રાવલ**
- દિવસની તમારી પ્રથમ નિષ્ફળતા ત્યારે શરૂ થાય છે
  જયારે તમે પાંચ મીનિટ વધુ ઊંઘવાનું નક્કી કરો છો - **હંસલ ભચેચ**
- કોઈના ભૂલો પડો, માર્ગ નહિં, કેડી હશે !!
  લીલું પીળું થઈ ગયું, કેવી મજલ ખેડી હશે ? - **અમર પાલનપુરી**
- વરુની નિંદા કરવાથી ઘેટાંને ઝાઝો લાભ નહીં થાય,
  વરુની ચુંગાલમાં ન ફસાવાનું ઘેટાંએ શીખી લેવું પડશે - **ગાંધીજી**
- બે માણસોની વચ્ચે પરિચય છે કેટલો ?? પથ્થરની સાથે કાચના સંબંધ જેટલો - **રમેશ પારેખ**
- આજનું ઔષધ : પથરીના રોગીએ બે રૂપિયા ભાર અળશી દસ તોલા ગરમ પાણીમાં રાતે પલાળવી સવારે તે પાણી ગાળીને પીવું. પથરી સરળતાથી નીકળી જાય છે.

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

મુલ્લા નસરુદ્દીનનો દીકરો મોટો થયો. મુલ્લાને વિચાર આવ્યો કે મોટો થઈને આ શું કરશે એની કંઈક પરીક્ષા કરવી જોઈએ. મુલ્લાએ છોકરાના ટેબલ પર એક કુરાન રાખ્યું, બાજુમાં એક સો રૂપિયાની નોટ પણ રાખી અને એક શરાબની બાટલી પણ મૂકી. છોકરો બહારથી આવ્યો તે પહેલાં મુલ્લા પડધા પાછળ છૂપાઈને જોવા લાગ્યો કો છોકરો ટેબલ પરની વસ્તુ સાથે શું કરે છે. છોકરાઓ ત્રણ વસ્તુ જોઈ. સો રૂપિયાની નોટ ખિસ્સામાં મુકી કુરાન બગલમાં લીધું અને શરાબની બોટલ મોંઢે માંડી. મુલ્લા દોડીને એની પત્નીને જઈને કહેવા લાગ્યા, 'આપણો સુપુત્ર રાજનીતિજ્ઞ થવાનો છે. જો કુરાન વાંચ્યું હોત તો ધાર્મિક માણસ થાય, એકલી શરાબ પીવત તો અર્ધોધાર્મિક થાય, અને માત્ર સો રૂપિયા લીધા હોત તો વેપારી થાય. એણે તો ત્રણે વસ્તુ લઈ લીધી : પણ એ તો પોલિટિશીયન થશે કે જે કહેશે કંઈક અને કહેશે કંઈક.' આપણું મન પણ એવું જ કરે છે. ધર્મ પણ કરે છે અને અધર્મ વિશે પણ વિચાર્યા કરે એછે. જે કરે છે અને જે વિચારે છે, બંને સાથે એને કોઈ સંબંધ નથી.

રાહુલ ગાંધી માટે નિર્ણાયક નેતૃત્વની વેળા

તંત્રીસ્થાનેથી...

છેલ્લાં ઘણાં વર્ષોથી સોનિયા ગાંધી એમના લાડલા રાજકુમારની તાજપોશીનાં સપનાં જોઈ રહ્યાં છે. વડાપ્રધાન પદે આરૂઢ થવાની સંપૂર્ણ સંભાવના સરજાઈ હતી ત્યારે વિદેશી મૂળ વાળી બિલાડી આડી ઊતરેલી. ભારતના રાષ્ટ્રપતિએ જ એમને એ રેસમાંથી હટી જવાની સલાહ આપી હોવાનું કહેવાય છે. સોનિયા ગાંધીએ પ્રોક્સી વડાપ્રધાન તરીકે વફાદાર અર્થશાસ્ત્રી ડૉ. મનમોહનસિંહને આગળ ધરી દસ વર્ષ સુધી પડદા પાછળનાં વડાપ્રધાનની ભૂમિકા સ્વીકારી લીધી હતી. પરંતુ નહેરુ-ગાંધી વંશને દિલ્હીની ગાદી પર પુનઃ સ્થાપિત કરવાની અદમ્ય ઈચ્છા તેઓ છોડી શક્યા નહોતાં. એટલે રાહુલ ગાંધી પોતાની જાતને કોંગ્રેસનું નેતૃત્વ સંભાળવા સક્ષમ નહીં ગણતા હોવા છતાં એક આદર્શ માતાની જેમ એમને પુત્રને સતત પ્રોત્સાહિત કરવાનું વલણ અખત્યાર કર્યું હતું. એથી કોંગ્રેસને પારાવાર નુકશાન થયું હતું. પ્રણવ મુખર્જી જેવા નીવડેલા નેતાને સાઈડ લાઈન કરી દેવાયા. જમ્મુ - કાશ્મીરના પૂર્વ મહારાજા ડૉ. કરણસિંહને હાંસિયે ધકેલી દેવાયા. એટલું જ નહીં, રાજીવ ગાંધીના વફાદાર સરદારોને પણ રાહુલના હાથ નીચે જ કામ કરવાનું ફરમાન થયું. રાહુલ કરતાં રાજકારણમાં વધુ કાઠું કાઢે એવાં ઈંદિરાજીનો નાકનકશો ધરાવતાં પંડનાં જ પુત્રી પ્રિયંકા ગાંધીને પણ ભાઈના માર્ગમાં અડચણ નહીં બનવા મનાવી લેવાયાં. રાહુલ ગાંધીએ આખરે આદર્શ પુત્ર તરીકે આદર્શ માતાની આજ્ઞા માથે ચડાવી અને ઉપપ્રમુખ પદ પછી પ્રમુખ પદ જેવી મોટી જવાબદારી સ્વીકારવાથી દૂર ભાગતા રાહુલ ગાંધીને મોદી જેવા બોલકણા નેતાઓએ મજાકનું પાત્ર બનાવી દીધા. એમના માટે 'પપ્પુ' જેવું ટીખળી નામકરણ દેશ અને દુનિયામાં સર્વમાન્ય બની ગયું. આવી વિકટ પ્રતિકૂળતાઓ વચ્ચે રાહુલ સતત રાજનીતિના આટાપાટા શીખતા રહ્યા છે. મોદીને પણ આ મુદ્દે એમણે શ્રેય આપ્યું છે. મોદીને મોદી જેવી ચબરાકી સાથે પડકારવાનું પણ તેઓ શીખી ગયા છે અને એમ છતાં મોદીની જેમ સડકછાપ ભાષા વાપરવાથી છેટા રહ્યા છે. આથી જનતામાં એમનાં પ્રત્યે એક છૂપું સહાનુભૂતિનું મોજું સરજાયું છે. એમની નિર્દોષતા અને નિખાલસતાને લીધે તેઓ વહીવટી દૃષ્ટિએ તદ્દન બિન અનુભવી હોવા છતાં લોકમત ધીરે ધીરે એમના તરફ ઢળી રહ્યો છે. ભાજપ ટોળી તો એમને સતત નીચા જ ઉતારતી રહી છે. મોતીલાલ નહેરુને મુસલમાનમાં ખપાવવાથી લઈ રાહુલના દાદા ફિરોઝ ગાંધીને પણ પારસીને બદલે મુસ્લિમ ગણાવવા સુધીનાં જુઠ્ઠાણાં ચલાવી ધર્મના નામે આ પરિવારને દેશવટો આફી દેવાના કારસા થતા રહ્યા છે. બચાવમાં રાહુલ ગાંધીએ મંદિરોની યાદી મેળવી ઠેર ઠેર પૂજાપાઠ કરવા પડ્યા છે, પોતે શિવભક્ત જનોઈધારી બ્રાહ્મણ હોવાનું કહેવું પડ્યું છે. આખરે સમયનું ચક્ર ફર્યું છે ત્યારે હવે રાહુલની ખરી કાર્યદક્ષતાની કસોટી થવાની છે. જે ત્રણ રાજયોમાં કોંગ્રેસે ગૌરવભેર પુનરાગમન કર્યું છે ત્યાં કોંગ્રેસનો જૂનો જૂથબંધીવાળો રોગ વકર્યો છે. રાહુલ ગાંધી કેવા સુકાની પસંદ કરશે એના પરથી એમનું પોતાનું ભાવિ નક્કી થવાનું છે. આશા રાખીએ કે એમ ઉમદા અને ઉદાત્ત રાષ્ટ્રીય નેતા તરીકે રાહુલ વિકસતા રહે. આખરે કોંગ્રેસ ફરી દેશનું સુકાન સંભાળશે તો એની ધુરા સીધી કે આડકતરી રીતે રાહુલ ગાંધીએ જ સંભાળવી પડશે.

અધ્યાત્મ - પ્રવેશ કરો

રંગ-ઉમંગ
કાનન ઓઝા

કાળ, અનુકૂળ સંયોગ અને શક્તિ આ ત્રણ પરિબળો વારે વારે નથી મળતાં. અનુકૂળ સંયોગો પાછળ ઘણાં પરિબળો કામ કરે છે અને શક્તિ-સામર્થ્ય કાયમ ટકતાં નથી. માટે તે જયારે મળે ત્યારે તેનો લાભ વ્યક્તિએ લઈ લેવો જોઈએ. યુવાનીના જોશમાં હોશ નથી હોતો, તેથી તક ગયા પછી માણસો પાછળથી એવું દુઃખ વ્યક્ત કરે છે કે હવે અમે અશક્ત બન્યા, જો એમને પહેલાંથી આનો ખ્યાલ હોય તો ત્યારે જ આ કામ કરત. માણસે જીવનમાંથી શિવ બનવાનું છે, બ્રહ્મ બનવાનું છે. તેવા બનવા માટે યોગવશિષ્ઠે સાત ભૂમિકા, મહર્ષિ પતંજલિ એ આઠ ભૂમિકા, ભગવાન બુદ્ધ દસ તથા જૈન દર્શને સાત ભૂમિકાઓનું આયોજન કરીને તેની વાત કરી છે. આ તમામે ધ્યાનને મુખ્ય કહ્યું છે આ ભૂમિકાઓ પ્રમાણેની સાધના - પ્રક્રિયા - માત્ર માનવદેહથી જ થઈ શકે છે. નર્ક ગતિમાં રહેલો જીવ આ પ્રક્રિયા કરવા અવકાશ મેળવી શકતો નથી. કારણ ત્યાં માત્ર ને માત્ર વેદના જ છે.

અને વેદનામાં પીડાતો જીવ અધ્યાત્મનો વિચાર પણ ન કરી શકે. વળી નર્ક યોનિ પ્રાપ્ત જીવનનું આયુષ્ય પણ ઘણું લાંબુ હોય છે. અને જીવન કંટાળીન આપઘાત ન કરી શકે તેવું ત્યાંનું આયોજન હોય છે. પશુ યોનિ શક્તિશાની છે. કહેવાય છે કે બાર માણસ જેટલી શક્તિ એક ઘોડામાં અને બારઘોડા જેટલી શક્તિ એક સિંહમાં હોય છે. આ યોનિના જીવ સુખ પામી શકે અને દુઃખો સહન કરી શકે છે. પણ અધ્યાત્મમાં પ્રવેશ કરવાની તેમાં ક્ષમતા નથી. દેવ યોનિનો જીવ ઘણો સુખી હોય છે. અતિ સુખ હોય ત્યા વિલાસ વ્યસનો અને દુરાચાર આવે છે તેથી જીવ અધ્યાત્મ સાધન ન કરી શકે.

ચોથી યોનિ માણસની છે. માણસ ધારે તો અનંત જન્મોનાં કર્મ અને જ જન્મમાં બાળી શકે, વાસનાક્ષય કરી શકે, મનોલય કરીનો મોક્ષ પામી શકે. શિવ બની શકે. માણસનું શરીર જ એવું બન્યું છે કે જેમાં આધ્યાત્મિક વિકાસ કરી શકાય તેવી ક્ષમતા છે. માણસ સેવા, દયા, પરોપકાર કરી શકે છે જેમ કે કોઈ બિમાર માણસ ને સાંત્વન આપી શકે, તેની સારવારમાં મદદરુપ થઈ શકે. આવી તકો માત્ર માનવ શરીર માં જ છે. માટે જે એ શરીરની કિંમત આંકી શકાય એવી નથી. પરમાત્માથી જીવ વિખૂટો પડ્યો છે તે માનવ દેહમાં પાછો મળી શકે છે. દુઃખી જીવોનું દુઃખ દૂર કરીને કરુણાની સાધના કરી શકે છે. એટલે જ સંતો કહે છે કે : 'નર જો કરની કરે તો નર કા નારાયણ હો જાવે' આવી અનંત સંભાવના માનવ શરીરમાં છે.

અનેક જન્મોનાં પુણ્યોના પૂંજ ભેગા કર્યા પછી જ માનવદેહ મળે છે. સંત તુકારાય કહે છે કે 'ઢગલા બંધ પુણ્ય કર્યા પછી જ માનવ શરીર મળે છે.' માણસે ખાસ તો સમજ્યા જેવું. એ છે કે જો તેણે ધન ખોયું હશે તો પ્રયાસ કરીને ફરીને મેળવી શકશે.

કરોડો રૂપિયા ખોયા પછી મજૂરી કરીને પણ માણસ ફરીથી નાણું પ્રાપ્ત કરી શખે છે. એવા અનેક દાખલા બન્યા છે. રૂઠેલા મિત્રો થઈ પાછા મેળવી શકાય છે. કોઈ વાતે મન દુઃખ થયું હોય ગેરસમજ થઈ હોય તેવી વિક્ષેપ આવ્યો હોય,તો તેની સમજણ આવતાં મિત્રોમાં મનમેળ થાય છે. માટે અવસર ચૂક્યા સિવાય, સમય, શક્તિ ને સંયોગોને ગુમાવ્યા સિવાય તુરંત જ આધ્યાત્મ સાધનમાં માણસે જોડાઈ જવું જોઈએ.

બીજા કામો બીજી કોઈ પણ યોનિમાં થઈ શકશે. જેમ કે માણસ દાળ, ભાત, શાક, રોટલીનું જમણ જમે છે. તો બળદો રજકો, કડલ અને ઘાસ ખાય છે, ફરક એટલો છે કે માણસ ભક્તિ કરે છે. જયારે બળદ નથી કરી શકતો. એટલે કે ટીપા જેટલું સુખ મેળવવા કિંમતી માનવદેહ વેડફ્યો છે. માટે આ જન્મમાં જ મોક્ષ મળે. પરમાત્મા મળે તે માટે સર્વ જીવો પ્રત્યે પ્રેય થાય, દુઃખીની સેવા થાય, સમાજના કામો થાય તે કરતાં રહીને ધ્યાનમાં જવું જોઈએ. માટે કહું છું કે આજથી અન્ય પ્રવૃત્તિઓ છોડીને આધ્યાત્મ - પ્રવેશ કરવા સાધના શરૂ કરો.

અમદાવાદમાં આવેલ ભદ્રનો કિલ્લો કોણે બંધાવ્યો હતો?

ખજાનો
અનિલ પટેલ

ગુજરાતનો ઈતિહાસ

૧ ગુજરાતના ઈતિહાસમાં કયો કાળ સુવર્ણ યુગ તરીકે ઓળખાય છે ?
(અ) સોલંકી યુગ (બ) વાઘેલા યુગ
(ક) મોગલ યુગ (ડ) ગાયકવાડ યુગ

૨ વાઘેલા વંશનો છેલ્લો રાજા કોણ હતો ?
(અ) વિસલદેવ (બ) ભીમદેવ
(ક) કર્ણદેવ (ડ) અર્જુનદેવ

૩ અમદાવાદમાં આવેલ ભદ્રનો કિલ્લો કોણે બંધાવ્યો હતો ?
(અ) કર્ણદેવ સોલંકી (બ) અહમદ શાહ
(ક) મહંમદ બેગડાએ (ડ) આશાવલે

૪ મોગલકાળ દરમિયાન ગુજરાતનું કયું બંદર 'બાબુલ મક્કા' તરીકે ઓળખાતું હતું ?
(અ) ઘોઘા (બ) ખંભાત
(ક) સુરત (ડ) વેરાવળ

૫ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસનું પહેલું વહેલું અધિવેશન અમદાવાદમાં કયારે યોજાયું હતું ?
(અ) ઈ.સ. ૧૯૦૨ (બ) ઈ.સ. ૧૯૦૫
(ક) ઈ.સ. ૧૯૧૨ (ડ) ઈ.સ. ૧૯૨૦

૬ ૧૮૮૪માં સૌરાષ્ટ્રમાં પહેલી 'શામળદાસ કૉલેજ' કયાં સ્થપાઈ હતી ?
(અ) રાજકોટ (બ) ભાવનગર
(ક) જૂનાગઢ (ડ) જામનગર

૭ બારડોલી સત્યાગ્રહની આગેવાની કોણે લીધી હતી?
(અ) ગાંધીજી (બ) વિનોબા ભાવે
(ક) અરવિંદ ઘોષ (ડ) સરદાર પટેલ

૮ ૧૨ માર્ચ ૧૯૩૦માં ગાંધીજીએ કેટલા સાથીઓ સાથે દોડી કૂંચ શરૂ- કરી હતી ?
(અ) ૭૮ (બ) ૧૦૦
(ક) ૧૨૫ (ડ) ૧૫૦

૯ મહાગુજરાત જનતા પરિષદની રચના કયારે કરવામાં આવી હતી ?
(અ) ૧૯૫૦ (બ) ૧૯૫૩
(ક) ૧૯૫૬ (ડ) ૧૯૬૦

૧૦ મીઠા સત્યાગ્રહ સાથે જોડાયેલ દાંડી હાલ કયા જિલ્લામાં આવેલ છે?
(અ) સુરત (બ) વલસાડ
(ક) ભરૂચ (ડ) નવસારી

૧૧ બર્બરક ને કોણે વશ કર્યો હતો ?
(અ) સિદ્ધરાજ જયસિંહે (બ) કુમાર પાળે
(ક) ભીમદેવે (ડ) ત્રિભુવન પાલે

૧૨ ગાંધીજી પર રાજદ્રોહનો આરોપ કયારે લગાવવામાં આવ્યો હતો ?
(અ) ઈ.સ. ૧૯૧૫ (બ) ઈ.સ. ૧૯૨૦
(ક) ઈ.સ. ૧૯૨૨ (ડ) ઈ.સ. ૧૯૨૫

૧૩ નાટ્ય સમ્રાટ જયશંકર સુંદરીનો જન્મ કયાં સ્થળે થયો હતો ?
(અ) અમદાવાદ (બ) વડગામ
(ક) વડનગર (ડ) વિસનગર

૧૪ ગુજરાતના અશોક તરીકે કયા રાજાને ઓળખવામાં આવે છે?
(અ) કુમારપાળ (બ) કર્ણદેવ
(ક) સિદ્ધરાજ (ડ) ત્રિભુવનપાળ

૧૫ જૂનાગઢમાં સુદર્શન તળાવ કોણે બંધાવ્યું હતું ?
(અ) મીનળ દેવીએ (બ) પુષ્પ ગુપ્તે
(ક) રા નવઘણે (ડ) જયસિંહે

વિવિધા

વિષય : આ સપ્તાહમાં આવતી મહત્ત્વની ઘટનાઓ

૧૪ ડીસેમ્બર : રાષ્ટ્રીય ઊર્જા સંરક્ષણ દિન
ભારતીય ઈતિહાસના તટસ્થ અને ગરવા સંશોધક ફાધર હેનરી હેરાસનું અવસાન (૧૯૫૫)
જાણીતા ફિલ્મકાર શ્યામ બેનેગલનો જન્મ દિવસ (૧૯૩૪)
વિજય અમૃતરાજનો જન્મદિવસ (૧૯૫૩)

૧૫ ડિસેમ્બર
'જાદુકર', કીમિયાગર, મીકી માઉસ જેવા પાત્રોના સર્જક અને ફિલ્મ કર્તા વોલ્ટ ડિઝનીનું નિધન (૧૯૬૬)
ફ્રાન્સે પ્રથમ વિશ્વ યુદ્ધમાં જર્મનીને હરાવ્યું (૧૯૧૬)
- લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલનું નિધન (૧૯૫૦)
- ભારતના સૌથી સફળ ગોલ્ફ ખેલાડી જીવ મિલ્ખાં સિંહનો જન્મ (૧૯૭૧)

● **૧૬ ડિસેમ્બર : બાંગ્લાદેશ મુક્તિ દિવસ**
- ફ્રેન્ચ નાટ્યકાર અને સાહિત્યકાર સમરસેટ મોમનું નિધન (૧૯૬૫)
- દ. આફ્રિકાની સ્થાપના (૧૮૮૦)
- આલ્બર્ટ આઈનસ્ટાઈનને સાપેક્ષવાદનો સિદ્ધાંત રજૂ કર્યો (૧૯૧૫)
- હૈદ્રાબાદમાં 'સોલારજંગ' મ્યુઝિયમની સ્થાપના (૧૯૫૧)

● **૧૭ ડિસેમ્બર**
- મહાત્મા ગાંધીના અંતેવાસી ડૉ. ભોગરાજ પટ્ટાભી સીતા રમૈયાનું નિધન (૧૯૫૯)
- દમદાર અભિનય માટે જાણીતા સુરેશ ઓબેરોયનો જન્મદિવસ (૧૯૪૬)
- ઈંગ્લેન્ડે સ્પેન સાથે યુદ્ધની મિસાઈલનું પરીક્ષણ કર્યું (૧૯૫૭)
- અભય દીવાના શોધક હંફ્રી ડેવિડ (બ્રિટન)નો જન્મ (૧૭૭૮)

● **૧૮ ડિસેમ્બર :** લઘુમતી અધિકાર દિવસ
- ત્સાયન્સ ફીકસન પર ફિલ્મ બનાવનાર સ્ટીવન સ્પીલબર્ગનો જન્મદિવસ (૧૯૪૬)
- વિલિયમ બ્રોન્ડે ટેલિસ્કોપની મદદથી ચંદ્રની પ્રથમ તસ્વીર લીધી (૧૮૪૯)
- જાપાન સંયુક્ત રાષ્ટ્રમાં સામેલ થયું (૧૯૫૬)
- બ્રિટને મોતની સજા પર પ્રતિબંધ ફરમાવ્યો (૧૯૫૯)
- સચિવ તેંડુલકરે ક્રિકેટરમાં વન-ડે કારકિર્દીનો પ્રારંભ કર્યો (૧૯૮૯)

● **૧૯ ડિસેમ્બર : ગોવા મુક્તિ દિવસ**
- જ્ઞાનપીઠ પુરસ્કાર વિજેતા ઉમાશંકર જોષીનું નિધન (૧૯૮૮)
- શેઠ કસ્તુરભાઈ લાલભાઈનો જન્મદિવસ (૧૮૯૪)
- પૂર્વ પ્રથમ મહિલા રાષ્ટ્રપતિ પ્રતિભા પાટીલની જન્મજયંતિ (૧૯૩૪)
- ગઝલ રચયિતા સાહિત્યકાર શૂન્ય પાલનપુરીનો જન્મદિવસ (૧૯૨૨)

● **૨૦ ડિસેમ્બર :**
- અમેરિકન સાહિત્ય સર્જક જહોન સ્ટાઈન બેકનું નિધન (૧૯૮૬)
- શીલભદ્ર મૂર્તિરૂપ ચૈતન્યપ્રસાદ દીવાનની જન્મજયંતિ (૧૮૯૮)
- કવિ બંકીમચંદ્ર ચટ્ટોપાધ્યાયે વંદે માતરમ્‌ની રચના કરી (૧૮૭૬)
- ઈન્ડિયન ગોલ્ફ યુનિયનની રચના થઈ (૧૯૫૫)

ગત સપ્તાહના સવાલનો જવાબ

કયા ફિલ્મ સ્ટારનું મૂળ નામ શિવાજી રાઓ ગાયકવાડ છે ? જવાબ રજનીકાંત

સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત એમ. રાવલ : સે-૭ડી (૨) મૂળજીભાઈ પરમાર : સે-૭બી
(૩) જયેન્દ્ર પ્રસાદ પાઠક : ઈન્ફો.જુ.સા. કૉલેજ (૪) મહેશ જાદવ : ગૂજરાત વિદ્યાપીઠ
(૫) હાર્દિક એન. ભટ્ટ : સે-૨૪ (૬) રૂચિત એમ. પટેલ : ધોળેશ્વર પાસે
(૭) નટુભાઈ દરજી : પેથાપુર (૮) પંકજ આર પ્રજાપતિ : ઉવારસદ

આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

તેલંગાણામાં કયા ટીઆરએસના નેતાએ પ્રચંડ બહુમતી સાથે રાજયમાં ફરી સરકાર બનાવી?

'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

ગીતા જયંતિ : પરાવાણીના પ્રાગટ્યની તિથિ

અમર વારસો
ડૉ. રશ્મિકાન્ત મહેતા

માગશર સુદ અગીયારસ ગીતાજયંતિનો દિવસ ચે. શ્રીમદ્ ભગવદ્‌ગીતા માત્ર ધર્મગંથ નથી, આચારગ્રંથ પણ છે. સામાન્ય વ્યક્તિ પણ પોતાનું જીવન કઈ રીતે વ્યતિત કરી શકે એનું માર્ગદર્શન પૂરું પાડે છે.

જેવી બુદ્ધિ સ્થિર થઈ હોય, એને કઈ રીતે ઓળખવો ? અર્જુનના આ પ્રશ્નનું સમાધાન શ્રીકૃષ્ણ આપે છે.

(૧) મનમાં કામનાઓ પ્રગટે તો એને છોડી શકે છે.

(૨) પોતાની જાતે જ પોતાનાથી સંતોષ પામતો રડે છે.

(૩) દુઃખો આવી પડે ત્યારે તેનાથી ખેદ પામતો નથી.

(૪) સુખની અવસ્થામાં છકી જતો નથી, સુખની ઝંખના જ રાખતો નથી.

(૫) એના રાગ, ભય અને ક્રોધ જતા રહ્યા છે.

(૬) એને પોતાનો કશા માટે આસક્તિ નથી, જીવનમાં કંઈ સારું બને કે ખરાબ - એનાથી એ લેપાતો નથી. નથી રાજી થતો નથી દુઃખી થતો.

(૭) જે રીતે કાચબો પોતાના અંગોને સંકોરીને પોતાનામાં સમાવી લે; એની જેમ એ પોતાની ઈન્દ્રિયોને વિષયો તરફથી વાળી લે છે.

(૮) વાળી લીધા પછી પણ આ વિષયો તરફનો રસ દૂર થતો નથી. આ રસ તો પરમાત્માના દર્શનથી જ દૂર થાય છે.

(૯) આ કામ અઘરું છે. પુરુષ ગમે તેવો વિદ્વાન હોય, તો પણ એની ઈન્દ્રિયો, સંયમનો પ્રયત્ન કરવા છતાંય, વિષયો તરફ ખેંચાઈ જાય છે.

(૧૦) તેમ છતાંય, પ્રયત્ન કરીને ઈન્દ્રિયોને સંયમમાં રાખીને, પરમાત્મામાં મન લગાવવું. તો બુદ્ધિ સ્થિર થઈ કહેવાય.

(૧૧) બાકી તો, વિષયો તરફ ધ્યાન રાખવું હોય, તો એના માટે આસક્તિ પ્રગટે છે, તેને પામવા કામ પ્રગટે છે. એ ન સંતોષાય તો ક્રોધ પ્રગટે છે. ક્રોધને કારણે મૂઢતા પ્રગટે છે. મૂઢતા સ્મૃતિને અસ્તવ્યસ્ત કરે છે. એનાથી બુદ્ધિ નાશ પામે છે. અંતે સર્વનાશ થાય છે.

(૧૨) એટલા માટે જ, એકવાર ઈન્દ્રિયો રાગદ્વેષ વગરની થઈ જાય, પોતાના વંશમાં આવી જાય પછીઆ સંયમી પુરુષને ખરેખર મનની પ્રસન્નતા મળે છે.

(૧૩) આનાથી એને દુઃખોની અસર થતી નથી. બુદ્ધિ સ્થિર બને.

(૧૪) બાકી તો, અસંયમીને નથી શાંતિ મળતી, નથી સુખ.

(૧૫) વિષયો તરફ ઈન્દ્રિયોને દોડાવ્યા જ કરી હોય, તો પાણીમાં પવનથી ફંગોળાતી હોડી જેવી દશા થાય છે.

(૧૬) વિષયોમાંથી ઈન્દ્રિયો નીકળી જાય, એટલે સ્થિરપ્રજ્ઞ.

(૧૭) સ્થિતપ્રજ્ઞ તો મુનિ છે. બીજા માટે અજ્ઞાન અને વાસનાની રાત્રી છે; ત્યારે એ સદાજાગ્રત છે. એને પરમાત્માનું દર્શન છે.

(૧૮) ચારેય બાજુએથી સમુદ્ર ભરાયેલો હોય, તો પણ તેમાં નદીઓનાં જળ પ્રવેશે તો તે અચળ અને સ્થિર જ રહે છે. તેથી જેમ વિષયો પ્રવેશે, તો પણ સ્થિતપ્રજ્ઞનું મન તો નિર્વિકાર અને શાંત જ રહે છે. આવી શાંતિ બીજા વિકારી પુરુષોને ક્યાંથી મળે ?

(૧૯) કામનાઓ છોડી દીધી, નિસ્પૃહ થઈ ગયા, મમતા અને અહંકાર જતા રહ્યા. આને ખરા અર્થમાં શાંતિ મળી છે.

(૨૦) એને હવે મોહ રહ્યો નથી. આ સ્થિતિ જ પરમાત્માને પ્રાર્થના કર્યાની સ્થિતિ છે. આમ ને આમ એ જીવન પસાર કરી એટલે અંતકાળે ઈશ્વર પ્રાપ્તિના આનંદને મેળવે છે.

ભગવાન શ્રીકૃષ્ણે અર્જુન પાસે માણસ માટે ઉચ્ચત્તમ આદર્શને પ્રસ્થાપિત કર્યો છે.